સિમેન્ટ-કપચીના બદલે નદીના પથ્થર ભરી ગરનાળું બનાવ્યાનો આરોપ

સેબલીયાના મામરેચીના વાંધા ઉપર બનાવેલા ગરનાળામાં ભ્રષ્ટાચારની ફરિયાદ

૧૫મા નાણાપંચમાં ઉઘાડી ગોલમાલ છતાં તંત્ર મૌન રહ્યું

બાયડ (બ્યુરોઓફીસ), તા.૧૩

ખેડબ્રહ્મા તાલુકાના સેબલીયા ગ્રામ પંચાયતના મામરેચીના વાંધા ઉપર ૧૫માં નાણાપંચમાં ફળવાયેલ ગ્રાન્ટમાંથી ગરનાળું તૈયાર કરવામાં મસ મોટો ભ્રષ્ટાચાર આચરાયાનો ઘટસ્ફોટ થયો છે. કોન્ટ્રાક્ટર દ્વારા સિમેન્ટ-કપચીનો ઉપયોગ કરવાને બદલે ગરનાળાની દિવાલોમાં નદીના મોટા પથ્થર ગોઠવી કામ આટોપી લેવાયું છે. પથ્થરનું પુરણ કરી ગરનાળાની દિવાલો ચણી લેવામાં આવી હોવા છતાં ગોલમાલ અંગે તાલુકાનું તંત્ર મૌન રહેતાં આશ્ચર્ય ઉભું થયું છે. ટેન્ડર પ્રમાણે કામ થયું ન હોવાના આરોપની તપાસ થવી જોઈએ. તલાટી દ્વારા નબળા કામ અંગેની કોઈ ફરિયાદ મળી ન હોવાનું અને અંદાજીત દોઢ લાખનું કામ હોવાનું પણ જણાવ્યું.

આદિવાસી વિસ્તારોમાં વિકાસના કામોમાં કામની ગુણવત્તા જળવાતી ન હોવાની ફરિયાદો વધી છે પરંતુ કોન્ટ્રાક્ટરો અને જવાબદાર અધિકારીઓની મીલીભગતના કારણે હલકી ગુણવત્તાના કામોને રોકનારુ કોઈ જ ન હોય તેવી સ્થિતિ છે. ૧૫માં નાણાપંચની ગ્રાન્ટમાં ખેડબ્રહ્મા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાની ઉઠેલી ફરિયાદો વચ્ચે તાલુકાના સેબલીયા ગામ પાસે પસાર થતા વાંધા ઉપર ચોમાસાનું વરસાદી પાણી વહેતું હોવાથી વાહન વ્યવહારને અસર થતી હતી જેથી સરકાર દ્વારા ૧૫માં નાણાપંચમાં ગ્રામ્ય કક્ષાએ ગ્રાન્ટ ફાળવી વાંધા ઉપર ગરનાળું તૈયાર કરવા માટે લીલીઝંડી આપવામાં આવી હતી. જેમાં સ્થાનિક કોન્ટ્રાક્ટરને કામ સોંપ્યા પછી કામની ગુણવત્તા જળવાઈ નથી. કોન્ટ્રાક્ટર દ્વારા ધારાધોરણ મુજબ સિમેન્ટ-કપચીનો ઉપયોગ કરવામાં આવ્યો ન હોવાથી કેટલાક સ્થાનિક નાગરિકો દ્વારા આ અંગે સરપંચનું ધ્યાન દોરી વાંધો ઉઠાવવામાં આવ્યો હતો પરંતુ સ્થાનિક સરપંચ અને કોન્ટ્રાક્ટરની મીલી ભગતના કારણે ભ્રષ્ટાચારનું ગરનાળું તૈયાર કરી દેવામાં આવ્યું છે. કોન્ટ્રાક્ટરને સરકારી તંત્રનો જરાય ડર ન હોય તેમ ધોળે દિવસે ગરનાળાની દિવાલોમાં ટ્રેક્ટરમાં નદીના પથ્થર ભરી લાવી દિવાલોમાં ગોઠવી દઈ બંને સાઈડો સિમેન્ટથી મઢી દઈ તંત્રની આંખમાં ધૂળ નાખી મલાઈ તારવી લીધી છે. નાણાપંચની યોજનામાં ફળવાયેલ ગ્રાન્ટમાં ઉઘાડે છોગ ભ્રષ્ટાચાર થયો હોવા છતાં તાલુકાને જવાબદાર તંત્ર તમાશો જોતું હોય તેવી સ્થિતિના કારણે આખરે કેટલાક જાગૃત નાગરિકો દ્વારા ગરનાળાની દિવાલોમાં ગોઠવાતા નદીના પથ્થર તેમજ હલકી ગુણવત્તાના કામનો વિડીયો ઉતારી સોશ્યલ મીડીયામાં ફરતો કરવામાં આવતાં ખળભળાટ મચ્યો છે. સેબલીયા ગામ પાસે ગ્રામ્ય કક્ષાએ વાંધા ઉપર ગરનાળું તૈયાર કરવા માટે ૧૫માં નાણાપંચ હેઠળ વર્ષ૨૦૧-૨૨ અંતર્ગત ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી પરંતુ યોગ્ય રીતે કામ થયું નથી અને કોન્ટ્રાક્ટરે હલકી ગુણવત્તાનું કામ કર્યું હોવાની સનસની વિગતો જગજાહેર થઈ છે ત્યારે જવાબદાર તંત્ર ગરનાળા કામની તપાસ કરશે ખરું..?? તેવા સવાલો અંતરીયાળ વિસ્તારની પ્રજા પૂછી રહી છે. કામની ગુણવત્તા જળવાઈ નથી છતાં તાલુકા કક્ષાએથી ક્વોલીટી ટ્રોલની કામગીરી સામે પણ ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે.

સેક્ટરમાં ભરીને નદીના પથ્થર લાવી દિવાલોમાં ચણ્યા

ખેડબ્રહ્મા તાલુકાના સેબલીયા ગ્રામ પંચાયતના બાવળકાંઠીયાના મામરેચી પાસે વાંધા ઉપર તૈયાર કરાયેલા ગરનાળાના કામમાં નર્યો ભ્રષ્ટાચાર આચરાયો હોવાની વિગતો સામે આવી છે. જેમાં કોન્ટ્રાક્ટર દ્વારા ધોળે દિવસે ટ્રેક્ટરોમાં નદીના પથ્થર ભરી લાવી દિવાલોમાં ચણી લેવામાં આવ્યા છે. ગરનાળાનું કામ શરુ થયા પછી કોન્ટ્રાક્ટરને કોઈ પૂછનાર જ ન હોય તે રીતે બંન્ને સાઈડોમાં ગરનાળાની ભ્રષ્ટાચારની દિવાલો ચણી કામ પુરુ કરી દીધું છે.

કામની ગુણવત્તા અંગે તપાસ થશે – તાલુકા વિકાસ અધિકારી

ખેડબ્રહ્મા તાલુકા વિકાસ અધિકારી એન.વી.ચૌધરીએ જણાવ્યું કે ગ્રામ પંચાયતોમાં ૧૫માં નાણાપંચની ગ્રાન્ટ ફળવાઈ છે તેમાં નબળી ગુણવત્તા હશે તો તપાસ કરી જવાબદારો સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. નબળું કામ કરનારા કોન્ટ્રાક્ટરો સામે પણ જરુર પડે યોગ્ય કાર્યવાહી થશે.

સાબરકાંઠા, અરવલ્લીના ખેડૂતોએ ઘઉં બિયારણના ઓછા ભાવ મુદ્દે ગાંધીનગરમાં બેસણું યોજતાં સરકાર હરકતમાં

રાજ્યભરના ખેડૂતો ઉમટ, હજુ આક્રમક કાર્યક્રમ આપવાની વિચારણા

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૩

ગુજરાત રાજ્ય બીજ નિગમ લી. દ્વારા ખેડૂતોને ઉત્પાદિત ઘઉંના બિયારણના આયમન જેટલા ભાવ અપાતાં રોષે ભરાયા છે. સરકાર અને કૃષિ મંત્રી સમક્ષ રજૂઆત પછી ૧ કીલોગ્રામ દીઠ માત્ર ૧ રૂપિયાનો વધારો કરાતાં રોષે ભરાયેલા ખેડૂતોએ બુધવારે ગાંધીનગર સેક્ટર-૧૦માં આવેલા રાજ્ય બીજ નિગમની કચેરી આગળ બેસણું યોજતાં સરકાર હરકતમાં આવી છે. ખેડૂતોને ઘઉં બિયારણના યોગ્ય ભાવ આપવામાં નહીં આવે તો આગામી દિવસોમાં વધુ આક્રમક કાર્યક્રમો આપવાની રણનીતિ તૈયાર કરી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાંથી પણ અનેક ખેડૂતો ગાંધીનગરમાં બેસણાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર વધેલી મોંઘવારી અને ખાતર, બિયારણ, ડીઝલના વધતા ભાવથી ખેડૂતો ખેતીને ખોટનો ધંધો બતાવી રહ્યા છે. અનેક ખેડૂતોએ ખેતીથી મોં ફેરવવાની શરુઆત કરી છે પરંતુ કેટલાક ખેડૂતો માટે અન્ય વ્યવસાય ન હોવાથી ખેતી સિવાય કોઈ ઉદ્ધાર નથી. ગુજરાત રાજ્ય બીજ નિગમ લી. દ્વારા રવી-૨૦૨૧ ઋતુ માટે ઘઉં, જીરુ સહિતના ઉત્પાદિત પાસ ગ્રેડેડ બીજનું ઉત્પાદન કરવામાં આવે છે જેમાં સાબરકાંઠા, અરવલ્લી સહિત રાજ્યના અનેક જિલ્લાના ખેડૂતો માન્યતા પ્રાપ્ત ઘઉં, જીરુના બિયારણનું ઉત્પાદન કરે છે અને બિયારણ ઉત્પાદન કરતા ખેડૂતો દ્વારા સરકારમાં વધતી મોંઘવારીને ધ્યાને રાખી બિયારણનો વધુ ભાવ આપવા રજૂઆત કરી હતી જેથી બીજ નિગમના અધિકારીઓએ ૧૫ થી ૨૦ ટકા મોડ્યુલ ભાવમાં વધારો કરવાની સૂચના આપી હતી ત્યારબાદ ખેડૂત પ્રતિનિધિ મંડળ કૃષિ મંત્રી રાઘવજી પટેલને મળ્યું હતું અને તેઓએ પણ ખેડૂતોની હાજરીમાં નિગમના અધિકારીઓને જરૂરી સૂચના આપી હતી. રજૂઆત પછી એક સપ્તાહ બાદ ઘઉં બિયારણમાં ૧ કીલો દીઠ માત્ર રુ ૧ નો વધારો કરતાં ખેડૂતો સમસમી ગયા છે અને ક્વિન્ટલ દીઠ અગાઉ નિયત કરેલ ભાવ રુ ૨૫૭૫ હતો તે વધારીને ૨૫ કરાયો પરંતુ ખેડૂતોને આ ભાવ પરવડે તેમ નથી જેથી ખેડૂતોએ સોશ્યલ મીડીયા મારફતે ઉગ્ર રોષ ઠાલવવાની સાથે બુધવારે ગાંધીનગર સેક્ટર-૧૦માં આવેલી બીજ નિગમ લી.ની કચેરીએ બેસણાનો કાર્યક્રમ યોજતાં સમગ્ર રાજ્યના પાટનગરમાં ખળભળાટ મચી ગયો હતો. રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી આવેલા ખેડૂતોએ બિયારણ ભાવ મુદ્દે બેસણું યોજતાં રાજ્યની ભાજપ સરકારમાં પણ હલચલ મચી ગઈ છે અને ત્યારબાદ ખેડૂતોએ કૃષિ મંત્રીને મળવાનો પ્રયાસ કર્યાનું જાણવા મળ્યું છે.

અમે નિગમના નામનું આજથી પાઈ ના - ખેડૂતોનો આક્રોશ ચરમસીમાએ

બીજ નિગમ દ્વારા ઉત્પાદિત ઘઉં, જીરુ બિયારણના ઓછા ભાવ જાહેર કરાતાં રાજ્યભરના ખેડૂતો રોષે ભરાયા છે. જિલ્લાના ખેડૂત અલ્પેશભાઈ પટેલ, જીતેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે સરકાર અને બીજ નિગમમાં રજૂઆત છતાં પણ ભાવ વધાર્યા નથી જેથી ખેડૂતોને સોયાબીન, ડાંગર, અડદ, દિવેલા, કપાસના સીનું વાવેતર કર્યું હોય તે પરત આપવાનું નથી અને હવે કોઈપણ કાર્યક્રમ બીજ અંગેનો કરવામાં નહીં આવે. બેસણામાં ઉપસ્થિત ખેડૂતોએ બીજ નિગમના ભ્રષ્ટ અને ખેડૂત વિરોધી માનસિકતા ધરાવતા અધિકારી-કર્મચારીઓની બદલીની પણ માંગ કરી છે.

બાયડ વિધાનસભા ચૂંટણી જંગ :

વિરભદ્રસિંહ ઝાલાને ભાજપમાં ટીકીટ આપવા અનેક વર્તમાન-પૂર્વ સરપંચોની રજૂઆત

ભાજપ કોઈપણ ભોગે બેઠક જીતવા મક્કમ, નવો ચહેરો આવશે તે નિશ્ચિત બન્યું

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૩

બાયડ વિધાનસભાના ચૂંટણી જંગમાં ભાજપ બેઠક જીતવા માટે મક્કમ બન્યું છે. કોંગ્રેસના ઉમેદવાર નિશ્ચિત છે ત્યારે ભાજપ ગાબટના વિરભદ્રસિંહ દલપતસિંહ ઝાલાને મેદાનમાં ઉતારે તે માટે માલપુર, બાયડ તાલુકાના અનેક વર્તમાન અને પૂર્વ સરપંચ સહિત વિવિધ સમાજના આગેવાનોએ પ્રદેશ કક્ષાએ જ્ઞાતિગત સમીકરણો સાથે રજૂઆત કર્યાનું જાણવા મળ્યું છે. છેલ્લા કેટલાય સમયથી બાયડ વિધાનસભા બેઠકમાં ઉમેદવારો બનવા માટે અનેક મૂરતિયાઓએ ઘૂઘરા બાંધ્યા છે અને ઠેર ઠેર બેનરો ચીપકાવ્યા છે પરંતુ નવો અને લોકોમાં પ્રિય હોય તેવા સ્થાનિક ચહેરાને મેદાનમાં ઉતારવાનું ભાજપે મન બનાવી લીધાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ૩૨-બાયડ વિધાનસભા બેઠકનો જંગ રસાકસી ભર્યો બનવાનો છે. વર્ષ-૨૦૧૭ની સામાન્ય ચૂંટણી અને ત્યારબાદ વર્ષ-૨૦૧૯ની પેટાચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારોનો વિજય થયા પછી ભાજપ છાવણીએ મનોમંથન શરૂ કર્યું છે. વિશાળ કાર્યકરોની ફોજ, આગેવાનો સાથે હોવા છતાં પરાજય કેમ થાય છે..?? તેનાં કારણો પણ શોધ્યાં હશે. ભાજપ અગાઉની ભૂલો નહીં દોહરાવે તેવું અત્યારથી જણાઈ રહ્યું છે. વિવિધ સંભવિત ઉમેદવારો અંગેના લોકપ્રતિભાઓ વિસ્તારકો, પ્રભારી અને સંગઠન તેમજ ગુપ્તચર વિભાગ પાસેથી મેળવ્યા છે જેમાં નવા ચહેરાને મેદાનમાં ઉતારવામાં આવે તો જ ભાજપ બાયડ વિધાનસભાના ચૂંટણી જંગમાં ફાવી શકે તેવું આંકલન સામે આવ્યું છે. જ્યારે ભાજપ સંગઠનના એક હોદ્દેદારે અન્ય ઉમેદવારની સીફારીસ કરવા માટે દિકરાને નોકરી અપાવી દીધાનું પણ બહાર આવ્યું છે અને આ અંગે પ્રદેશમાં પણ કેટલાક કાર્યકરોએ રજૂઆત કરી એક જ પરિવારમાં બધું ન ધરબાવી દેવા પ્રદેશ સંગઠનને જણાવ્યું છે. જ્યારે વિરભદ્રસિંહ ઝાલાને ભાજપ મેદાનમાં ઉતારે તેવી જોરદાર રજૂઆતો પ્રદેશ સુધી પહોંચી છે. દરેક કાર્યકરો સાથે સ્નેહપૂર્ણ વ્યવહાર અને સાદગીના કારણે વિપક્ષના કાર્યકરો પણ તેમને અનેકવાર સન્માન આપતા જોવા મળ્યા છે. આ જોતાં બાયડ વિધાનસભા બેઠકમાં ભાજપના હોટ ફેવરીટ ઉમેદવાર તરીકે ગાબટના રાજવી પરિવારના વિરભદ્રસિંહ ઝાલાનું નામ રેસમાં આગળ હોવાનું જાણવા મળ્યું છે. ત્યારબાદ અન્ય ચર્ચાતા નામમાં અદેસિંહ ચૌહાણ, પૂર્વ ધારાસભ્ય ભીખીબેન પરમાર, યુવા પાટીદાર અગ્રણી અશ્વિન પટેલ(આનંદપુરાકંપા)ના નામો પણ સંભળાઈ રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી સંગઠન કેટલાક ટીકીટ વાંચ્છુઓને છાવરી રહ્યું છે તે જોતાં પ્રદેશ નેતાગીરી જિલ્લા સંગઠન દ્વારા સૂચવેલા નામથી પણ ચોંકાવનારૂ નામ આવે તો પણ આશ્ચર્ય પામવા જેવું નહીં હોય.

પાટીદાર આગેવાનોએ પણ તેમની તરફેણ કરી

અંતરંગ સૂત્રોએ જણાવ્યું કે બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં પાટીદાર સમાજના ૩૪ હજારથી વધુ મતદારો છે. વિરભદ્રસિંહ ઝાલાને ભાજપ ટીકીટ આપે તો પાટીદાર સમાજના વિવિધ ગામના આગેવાનોએ પણ તેમની ખુલ્લેઆમ તરફદારી કરવાની તૈયારી દર્શાવ્યાનું પણ જાણવા મળ્યું છે. ભાજપ હાઈકમાન્ડ સુધી પણ આ વિગતો પહોંચ્યાનું જાણવા મળ્યું છે.

અમીરગઢની માવલ ચેકપોસ્ટ ઉપર ૩ કરોડની રોકડ કેશ પકડાઈ

ડીસા, તા. ૧૩

બનાસકાંઠા જિલ્લાની રાજસ્થાનને જોડતી અમીરગઢ પાસે આવેલી રાજસ્થાનની માવલ ચેકપોસ્ટ પરથી ભારે માત્રામાં રોકડ રકમ લઈ જતી બે કારો સહિત ચાર ઈસમોની પોલીસે અટકાયત કરી છે. આ અંગે રાજસ્થાન પોલીસે ઇકમટેક્ષ વિભાગને જાણકારી આપી હતી. ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂર્વે મોટી માત્રામાં રોકડ રકમ પકડાતા તંત્રમાં દોડધામ મચી છે. રાજસ્થાનના આબુરોડ પર પોલીસે માવલ ચેકપોસ્ટ પર નાકાબંધી કરી વાહન ચેકીંગ કરી રહી હતી. તે દરમિયાન બે શંકાસ્પદ કાર ગુજરાતમાં પ્રવેશ કરે તે પહેલાં રોકી હતી. જેમાં પોલીસ દ્વારા તપાસ કરતા કારની ડીકીમાં મોટી સંખ્યામાં ભારતીય ચલણી નોટોના બંડલો ભર્યા હતા. આથી પોલીસે તપાસ કરવા માટે બન્ને કારો અને તેમાં સવાર ચાર ઈસમોને આબુરોડ પોલીસ સ્ટેશનમાં લઈ ગયા હતા. જ્યાં પોલીસ દ્વારા જોધપુર ઈનકમટેક્ષને જાણ કરાતા તેઓ પણ પહોંચી ગયા હતા. કારમાં ભારે માત્રામાં ચલણી નોટો હોવાથી પૈસા ગણવા માટે મશીન મંગાવવું પડ્યું હતું. પોલીસે પકડેલી ચલણી નોટની રકમ અંદાજે ત્રણ કરોડ હોવાનું અનુમાન છે. પકડાયેલા રૂપિયાના બંડલો ક્યાં લઈ જવામાં આવતાં હતાં અને ક્યાંથી લાવવામાં આવ્યાં હતાં તેની તપાસ પોલીસે શરૂ કરી છે.

મોંઘવારીથી ત્રસ્ત તસ્કરોએ ખાદ્ય સામગ્રી ચોરી

શામળપુર પ્રા.શાળાના મધ્યાહન ભોજન રુમમાં બાકોરુ પાડી તસ્કરો તેલના ડબા, ચોખા ઉઠાવ્યા

તસ્કરો રુમમાંથી થાળીઓ પણ ઉઠાવી ગયા

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૩

ભિલોડા તાલુકાના શામળપુરની પ્રાથમિક શાળામાં રાત્રિના સમયે ત્રાટકેલા તસ્કરી મધ્યાહન ભોજન રુમની પાછળના ભાગે બાકોરુ પાડી તેલના ડબા, ચોખા, પંખા, ઈલેક્ટ્રીક મોટર તેમજ થાળી મળી કુલ રુ ૧૩,૮૦૦ની મત્તા ઉઠાવી ફરાર થઈ ગયા છે. બનાવ અંગે શામળાજી પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આમપ્રજાને નડતી મોંઘવારી હવે તસ્કરોને પણ સતાવી રહી છે. ખાદ્ય ચીજવસ્તુઓના બેફામ ભાવ વધારા પછી તસ્કરીના બનાવોમાં ખાદ્ય સામગ્રી ચોરવાની ઘટનાઓ વધી છે. તાલુકાની શામળપુર પ્રા.શાળામાં તા.૫-ની મધ્યરાત્રિએ તસ્કરો ત્રાટક્યા હતા જેમાં મધ્યાહન ભોજન મની પાછળના ભાગે બાકોરુ પાડી અંદર પ્રવેશેલા તસ્કરો ૨ નંગ તેલના ડબા, ૪૦ કીલો ચોખા, ઈલેક્ટ્રીક મોટર, પંખા તેમજ થાળીઓ સહિતની સરસામાન ચોરી પલાયન થઈ ગયા હતા. મધ્યાન ભોજનના રૂમમાંથી તસ્કરો ખાદ્ય સામગ્રી તેમજ થાળીઓ ઉઠાવી જતાં બાળકોને મધ્યાહન ભોજનથી વંચિત રહેવું પડે તેવી સ્થિતિ પેદા થઈ છે. તસ્કરીના બીજા દિવસે શાળાના આચાર્યને મધ્યાહન ભોજન રૂમની દિવાલમાં બાકોરું જોતાં ચોંકી ઉઠયાં હતાં. તસ્કરોએ રુમમાં ખેલ પાડ્યો હોવાનું જણાઈ આવતાં સરસામાનની ગણતરી કરવામાં આવી જેમાં મધ્યાહન ભોજનની સંગ્રહીત સામગ્રીમાંથી તસ્કરો રુ ૧૩, ૮૦૦ની સામગ્રી ચોરી ગયાનું જણાઈ આવ્યું હતું. બનાવ અંગે દક્ષાબેન મનુભાઈ રાવલની ફરિયાદના આધારે શામળાજી પોલીસે ગુનો નોંધ્યો છે.

પાલનપુરમાં આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસે વિવિધ ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરનાર દીકરીઓને ચાંદીના બ્રેસલેટ

પાલનપુર, તા. ૧૩

આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની પાલનપુરમાં શાનદાર ઉજવણી કરાઈ હતી. જેમાં દીકરીઓને ચાંદીના બ્રેસલેટ ની ભેટ આપવામાં આવી હતી.

બનાસકાંઠા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા પાલનપુરમાં આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે વિવિધ ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરનાર દીકરીઓને ચાંદીના બ્રેસલેટ ઉપરાંત સેનેટરી પેડ, બેગ આપવામાં આવી હતી.

બનાસકાંઠા મહિલા અને બાળ અધિકારી કચેરી દ્વારા બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત બાલિકા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં મહિલા અને બાળ વિકાસ વિભાગના મંત્રી મનિષાબેન વકીલે કિશોરીઓ સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા સીધો સંવાદ કર્યો હતો. ત્યારબાદ વિવિધ ક્ષેત્રોમાં સિદ્ધિ પ્રાપ્ત કરેલ દીકરીઓને ચાંદીના બ્રેસલેટ, સેનેટરી પેડ, તેમજ બેગ અધિક નિવાસી કલેક્ટર સુ શ્રી રીટા પંડ્યા બનાસકાંઠાના હસ્તે આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત બનાસકાંઠા જિલ્લા પંચાયત હોલમાં પ્રોગ્રામ ઓફીસર આઈ.સી. ડી. એસ, મહિલા અને બાળ અધિકારી સુલોચનાબેન પટેલ, દહેજ પ્રતિબંધ અધિકારી રમીલાબેન ચાવડા, સખીવનસ્ટોપ સેન્ટરના કેન્દ્ર સંચાલિત મધુબેન વાઘેલા, ૧૮૧ અભયમના કાઉન્સેલર કોમલ પ્રણામી, પોલીસ બેઠજ સપોર્ટ સેન્ટરના જીગીશાબેન તરાલ, આઈ.ટી.આઈ કોલેજના પ્રિન્સીપાલ, કાનુની સેવા સત્તા મંડળમાંથી એડવોકેટ સહિત આરોગ્યની ટીમ ઉપસ્થિત રહી હતી. જ્યાં દીકરીઓનું હેલ્થ ચેક અપ કરવામાં આવ્યું હતું. અભ્યાસ કાયદાકીય, મહિલા લક્ષી યોજનાની માહિતી આપવામાં આવી હતી.દરેક કિશોરીઓને બેગ અને સેનેટરી પેડ વિતરણ કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન મહિલા શક્તિ કેન્દ્રના આશાબેન બારોટ સહિત ટીમે કર્યું હતું. જ્યારે આભાર વિધિ દહેજ પ્રતિબંધક અધિકારી રમીલાબેન ચાવડાએ કરી હતી.

ધનસુરા નવોદય વિદ્યાલયમાં ડિજીટલ સ્માર્ટ ક્લાસરૂમનું લોકાર્પણ અને વી.એમ.સી મિટિંગ યોજાઈ...

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના ધનસુરામાં આવેલ જવાહર નવોદય વિદ્યાલય ખાતે ડિજિટલ સ્માર્ટ ક્લાસ રૂમ નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.અરવલ્લી કલેક્ટર શ્રી નરેન્દ્રકુમાર મીના દ્વારા આ ડિજીટલ ક્લાસરૂમ નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું સાથે નવોદય વિદ્યાલય ની વી.એમ.સી ની મિટિંગ પણ યોજાઈ હતી. અરવલ્લી જિલ્લા કલેકટર નરેન્દ્રકુમાર મીનાએ આ ડિજીટલ ક્લાસ રૂમ નું ઉદઘાટન કર્યું હતું.અને ક્લાસ રૂમની મુલાકાત લઈ આ ક્લાસ રૂમ વિશે માહિતી મેળવી હતી.નવોદય ના એન.જી.સોલંકી દ્વારા કલેક્ટર શ્રી ને પ્રેઝન્ટેશન બતાવવામાં આવ્યું હતું.સાથે કલેક્ટર ના અધ્યક્ષ સ્થાને નવોદય ખાતે યોજાયેલી વી.એમ.સી ની મિટિંગ માં નવોદય વિદ્યાલય ના આચાર્ય પ્રવિંદ ક્રિષ્નન એ કલેક્ટર ને વિદ્યાલય ની ગતિ વિધિઓ વિષે માહિગાર કર્યા હતા.નવોદય વિદ્યાલય માં ડિજિટલ ક્લાસ રૂમ થી વિદ્યાલયના વિદ્યાર્થીઓને ફાયદો થશે જેને લઈને ધનસુરા નવોદયના આચાર્ય એ અરવલ્લી જિલ્લા કલેક્ટર નો આભાર માન્યો હતો.આ કાર્યક્રમ માં કલેક્ટર નરેન્દ્રકુમાર મીના, નવોદય ના આચાર્ય પ્રવિંદ ક્રિષ્નન ઉપરાંત શિક્ષણ વિભાગ ના સમીરભાઈ પટેલ, આરોગ્ય ના ડૉ.કૌશલભાઈ પટેલ, સુરેશભાઈ ગફ્ફર અગ્રણી, પ્રાર્થના સ્કૂલ ના ડૉ. મનોજભાઈ, ધનસુરા કોલેજ ના મેહુલ ઠાકોર,અશોકભાઈ પટેલ સુપરવાઈઝર જે.એસ.મહેતા હાઈસ્કૂલ,જીજ્ઞેશભાઈ પટેલ આચાર્ય ઓધવ વિદ્યામંદિર ધનસુરા, વંદનાબેન રાજપુત વાલી, પીન્ટુભાઈ ખાંટ વાલી, પિતાંબરદાસ મહેશ્વરી,બી.જે.જાની સહિત નવોદય વિદ્યાલય નો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.